મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ . . .

# દૂધસાગર પત્રિકા

અંક : 2 I વર્ષ - 6 I સપ્ટેમ્બર - 2026 (સળંગ અંક : 62)








સ્વાતંત્ર્ય ના 80 વર્ષે

દૂધસાગર ડેરીની 66 સાધારણ સભા સંપન્ન

## ઈતિહાસનું સૌથી વધુ ટર્નઓવર

# ૯૦૪૩ કરોડ

## ઈતિહાસનું સૌથી વધુ દૂધ સંપાદન

# ૧૩૨.૬૭ કરોડ

## ઈતિહાસનો સૌથી વધુ આખરી દૂધ ખરીદભાવ

# એક કિલો ફેટે ₹૧૦૦૩

## મિલ્કતમાં ઐતિહાસિક વધારો

# ૭૭૧ કરોડ

## ઈતિહાસનો સૌથી વધુ વાર્ષિક ભાવ વધારો

# ૪૫૫ કરોડ

દૂધસાગર ડેરીની 66 વર્ષની યાત્રામાં | 5

# વર્ષના પરિશ્રમનો હિસાબ

ગત તા. ૧૫ ઓગષ્ટ : ૨૦૨૬ ની સવાર મહેસાણા દૂધસાગર ડેરીમાં રાષ્ટ્રભક્તિ અને સહકારની શક્તિ એમ બંને ઉર્જાઓથી સરાબોર બની આશરે ૬૦૦૦ થી વધુ પશુપાલકોના ચહેરાઓ ઉપર સ્મિત બનીને છલકાઈ રહી હતી. એક તરફ આખું રાષ્ટ્ર તિરંગા સાથે દેશના ૮૦ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં મસ્ત હતું તો, બીજી તરફ પોતાની જ દૂધસાગર ડેરીના મહેમાન બનેલા હજારો પશુપાલકો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સહકારથી સમૃદ્ધિના સૂત્રમાં પ્રાણ પૂરતાં સાધારણ સભાની શરુઆતમાં હજારો પશુપાલકોએ વંદેમાતરમ્ રાષ્ટ્રગીત સાથે આઝાદીના ૮૦ મા વર્ષનું સ્વાગત કર્યું હતું.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ની ૬૬ મી સાધારણ સભામાં સંસ્થાના વડા શ્રી અશોકભાઈ ચૌધરીએ પોતાના કાર્યકાળના પાંચ વર્ષોનું રિપોર્ટ કાર્ડ પશુપાલકો સમક્ષ મૂક્યું ત્યારે લગભગ બધી જ સિદ્ધિઓ પ્રથમ વખત સાગરના પશુપાલકોને મળવા આવતી હોય તેવું પ્રતીત થતુ હતું.



તા.૨૮ ફેબ્રુઆરી ૧૯૬૦ ના રોજ સ્વ.માનસિંહભાઈ સાહેબે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ ની સ્થાપના કરી તે વખતે અત્યંત વિપરીત સંજોગોમાં મહેસાણાની આજની દૂધસાગર ડેરીની જમીનનું સંપાદન કરવું ખૂબ અઘરું રહ્યું હશે. કોઈપણ કાર્યની શરુઆત હંમેશાં સંઘર્ષથી ભરેલી હોય છે ત્યારે, આખા કાર્યક્ષેત્રના પશુપાલકોને સમજાવવા - ઓછા સંસાધનો અને માણસો સાથે દૂધ સંપાદન કરવું. એ દૂધને સાચવવા માટે દેશી ઉપાયોથી કામ ચલાવી - વધુમાં વધુ ઝડપી તેના ઉત્પાદનો બનાવી તેના વિતરણની વ્યવસ્થા કરવી એ કામ સ્વ. માનસિંહભાઈ સાહેબ અને ૩૫ વર્ષ સુધી મોતીબાપુ સિવાય કોઈ કરી શકે તેની કલ્પના પણ ના થઈ શકે !! પણ છતાંય, ફૂલમાં રહેલ પરાગરજ ની જેમ મને કહેવા દો : દૂધસાગરની આ ૬૬ વર્ષની સોના જેવી યાત્રામાં અમારા વહીવટના પાંચ વર્ષોએ સુગંધ ભરવાનું કામ કર્યું છે : **અશોકભાઈ ચૌધરી**





દૂધસાગર ડેરીના પશુપાલકોને વીતેલા પાંચ વર્ષના નિર્ણયો જેવા કે ; દૂધના ભાવોમાં થયેલ તબક્કાવાર વધારા, સાગરદાણના ભાવોમાં વિપરીત સંજોગોમાં રાખવામાં આવેલું નિયંત્રણ, હલકા દૂધની પોલિસીમાં ફેરફાર કરવાથી પશુપાલકોને મળેલી વધુ રકમ, ગુજરાતમાં સૌ પ્રથમવાર S N F સાથે દૂધના ભાવ આપવાથી, વીમા પોલીસીની મદદથી, સસ્તી થયેલી વેટરનરી સેવાઓથી, શેર ડિવિડન્ડમાં થયેલ વધારાથી અને દૂધ મંડળીઓને થાપણ ઉપર વધુ ચૂકવાયેલા વ્યાજ સહિત પાંચ વર્ષના ચૂકવેલ ભાવવધારા થી કુલ ૫૨૦૦ કરોડનો ફાયદો આજની દૂધસાગરને એક આગવી શ્રેષ્ઠતા બક્ષી રહ્યો હતો.

## પાંચ વર્ષમાં દૂધ ઉત્પાદકોને પ૨૦૦ કરોડ રુપિયાનો ફાયદો કેવી રીતે ?

| | |
|---|---|
| દૂધના ભાવમાં તબક્કાવાર રુ.૨૦૫ વધારવાથી | ૨૬૬૪ કરોડ |
| સાગરદાણના ભાવોમાં નિયંત્રણ રાખવાથી | ૨૦૦ કરોડ |
| હલકા દૂધની પોલીસીમાં ફેરફાર કરવાથી | ૨૭૦ કરોડ |
| વીમા પોલીસીની રકમ વધારવાથી | ૪૩ કરોડ |
| પશું વિઝીટ ફીમાં ઘટાડો કરવાથી | ૧૭ કરોડ |
| શેર ડિવિડન્ડમાં વધારો કરવાથી | પ કરોડ |
| મંડળીઓની થાપણ ઉપર વધુ વ્યાજ આપવાથી | ૧૧ કરોડ |
| પાંચ વર્ષોમાં ચૂકવેલ ભાવવધારાથી | ૧૯૯૦ કરોડ |

66 મી સાધારણ સભામાં દૂધસાગર ડેરીના શ્રી માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ હોલમાં મોટી સંખ્યામાં સહકારી ક્ષેત્રના આગેવાનોની ઉપસ્થિતી વચ્ચે મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ગીરીશભાઈ રાજગોર, મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી નીતિનભાઈ પટેલ, જીલ્લા સહકારી સંઘના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, ડેરીના વાઈસ ચેરમેન શ્રી દશરથભાઈ પટેલ, માણસાના પૂર્વ ધારાસભ્ય અને નિયામક મંડળના સભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લાના ભાજપ પ્રભારી શ્રી રમેશભાઈ સોલંકી સહિત દૂધસાગર ડેરી, દૂરડા, બફેલો અને MIDFT ના નિયામક મંડળના સભ્યો અને વિવિધ દૂધ મંડળીઓના પ્રમુખ - મંત્રીશ્રીઓ તેમજ હજારો દૂધ ઉત્પાદક સભાસદો વચ્ચે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં વક્તવ્ય આપતાં સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર ડેરીના સમગ્ર નિયામક મંડળને વર્તમાન પાંચ વર્ષો માટે સૌએ સાથે મળી બિનહરીફ બનાવ્યું તે માટે પોતાનો આભાર વ્યક્ત કરી તેમના કાર્યકાળના પાંચ વર્ષનો હિસાબ ખેલદિલી પૂર્વક અને સ્પષ્ટ રીતે રજુ કર્યો હતો. જેણે, ઉપસ્થિત મંચ અને શ્રોતાઓએ તાળીઓના ગુંજારવથી વધાવી લીધો હતો.

આજની દૂધસાગર ડેરીમાં પશુપાલકો પ્રથમ છે તેવા દ્રઢ નિર્ધારને વાસ્તવિક રીતે વહિવટમાં સાકાર કરવા પોતાના અગાઉના નિયામક મંડળના સાથીઓ તથા વર્તમાન કાળના નિયામક મંડળના સાથ - સહકારથી આ હકારાત્મક વાતાવરણનું નિર્માણ થયું હોવાનું સ્વિકારી ચેરમેનશ્રીએ સંસ્થામાં સ્થપાયેલા નવા કિર્તીમાનો અને આગામી સંકલ્પો અંગે સૌને વાકેફ કર્યા હતા.

વિતેલા પાંચ વર્ષોમાં ડેરીના કુલ ટર્ન ઓવરને પ૦૧૨ કરોડથી વધારી રુ.૯૦૪૩ કરોડ સાથે ૪૦૩૧ કરોડનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી પોતાના કાર્યકાળ દરમ્યાન ૮૦% નો વધારો થયો છે અને આગામી પાંચ વર્ષમાં દૂધસાગર ડેરીનું ટર્ન ઓવર ૨૦૦૦૦ કરોડના લક્ષ્યાંક સુધી લઈ જવાનો શ્રી અશોકભાઈ ચૌધરીએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ સાથે, સંસ્થાના વડાશ્રીએ પોતાના પ્રવચનમાં દૂધસાગરની તંદુરસ્ત બેલેન્સ શીટ અંગે સભાસદોને જાણકારી આપતા પોતાના નિયામક મંડળના આ કાર્યકાળ દરમ્યાન દૂધસાગરની કુલ મિલ્કતોમાં રુ.૭૭૧ કરોડનો વધારો થયો હોવાની જાણકારી સાથે ૪પ% ના મિલ્કત વધારાનો યશ પોતાના નિયામક મંડળના સાથીઓ, ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓને આપ્યો હતો. દૂધસાગરમાં કરકસર - પ્રામાણિકતા અને પારદર્શિતા સાથે કોઈ સમાધાન નથી કરવામાં આવ્યું.








તે વાતને મક્કમતા પૂર્વક મુકતાં ચેરમેનશ્રીએ પોતાના વહિવટના શરુઆતના દિવસોમાં દૂધના ખરીદભાવ ૬૫૦ રુપિયા હતા તે સમયાંતરે વધારતા રહેવાનો પ્રથમ દિવસનો સંકલ્પ હંમેશા જીવંત રાખ્યો હોવાની વાત કરી આજે દૂધસાગર સાથે સંકળાયેલા પશુપાલકોને દૂધના ખરીદભાવ ૮૫૫ મળી રહ્યા છે અને જેનાથી વિતેલા પાંચ વર્ષમાં પશુપાલકોને ૨૭૬૪ કરોડ રુપિયા દૂધની ખરીદીથી વધુ આપી શક્યા તેનો સંતોષ વ્યક્ત કર્યો હતો. દૂધ સંપાદન જે વર્ષ ૨૦૨૧ માં ૧૦૧.૯૮ કરોડ કિલો હતું જે વર્તમાન વર્ષ ૨૦૨૬ માં 30% ના વધારા સાથે ૧૩૨.૬૭ કરોડ કિલો પહોંચ્યું હોવાનું ગૌરવ વ્યક્ત કરતાં ચેરમેન શ્રીએ પશુપાલકોની મહેનતને વંદન કર્યા હતા.

આ સાથે, પોતાના વર્તમાન નિયામક મંડળ દ્વારા ગુજરાતના તમામ દૂધસંઘોમાં પ્રથમવાર મહેસાણા ની દૂધસાગર ડેરીએ દૂધના ફેટની સાથે - S N F ઉપર વધારાના પૈસા ચૂકવવાના નિર્ણયને સાચા અર્થમાં પશુપાલકો દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે તે પુરવાર કરતો જણાવ્યો હતો.

આગામી સમયમાં, દૂધસાગર ડેરી તમામ દિશાઓમાં આગળ વધે અને પશુપાલકોને વધુમાં વધુ લાભ થાય તે દિશામાં કામ કરવા સંકલ્પબદ્ધ હોવાની વાત કરતાં પશુપાલકોની યુવા પેઢી પણ આ સ્વતંત્ર વ્યવસાયને અપનાવતી થાય તે માટે તમામ મદદ આપવાની ખાતરી આપવાની સાથે દૂધસાગર ડેરીના ઈતિહાસમાં પ્રથમવાર સરકારની ૧૨ દૂધાળાં પશુયોજના અને ૨૦ દૂધાળાં પશુયોજના અંતર્ગત ૧૭૦૦ થી વધુ દૂધ ઉત્પાદકોને લાભ અપાવી શક્યા છીએ તેનો સંતોષ વ્યક્ત કરી આ લોનનો વધુમાં વધુ યુવાનોએ લાભ લીધો છે તેની ખુશી જાહેર કરતાં આગામી સમયમાં જાગૃત અને ખંતીલા યુવાનોને આવી તમામ સરકારી અને સંસ્થાકીય યોજનાઓમાં ઉદાર હાથે તમામ મદદ આપવાની અને અપાવવાની ભાવના વ્યક્ત કરી હતી. દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આગામી સમયમાં ૧૦૦૦ થી વધુ નવીન તબેલા બને અને કોમર્શીયલ ડેરી ફાર્મ ઉભા થાય તે માટે સંસ્થાની સક્રિયતાને સૌ સમક્ષ જાહેર કરી હતી. પશુપાલકો ઓછા જાનવરથી વધુમાં વધુ દૂધ ઉત્પાદન કરી કમાણી કરતા થાય તે ભવિષ્ય તરફ જવું પડે તે સમયની માંગ હોવાનું જણાવી તેઓએ એમ્બ્રિયો ટ્રાન્સફર (ગર્ભ પ્રત્યારોપણ) અને સેક્સ સિમેન ડોઝ અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે; પોતાના વહિવટના સમયગાળા દરમ્યાન વૈજ્ઞાનિક આવિષ્કારોથી પશુપાલકોને વધુમાં વધુ લાભ અપાવી શકાય તે દિશામાં ઉદારતા રાખવાથી સેક્સ સિમેનડોઝ માત્ર ૨૫ રુપિયાના સામાન્ય ભાવે પૂરી પાડવાની વ્યવસ્થા ઉભી કરવાથી વર્ષ ૨૦૨૧ માં જે સેક્સ સિમેનડોઝની સંખ્યા માત્ર ૩૭૨૩ હતી તે વર્તમાન વર્ષ ૨૦૨૬ માં ૧,૧૫,૮૬૩ સુધીના રેકોર્ડ સ્તરે પહોંચવા પામી છે. આ રીતે, એમ્બ્રિયો ટ્રાન્સફરનો ખર્ચ જે અગાઉ ૫૦૦૦ રુપિયા હતો તેને ૫0% ના ઘટાડા સાથે રુપિયા ૨૫૦૦ કરવામાં આવ્યો અને તેમાં પણ પશુ ગાભણ થાય તો જ પૈસા ભરવાની ઉદારતા દાખવવામાં આવી જેના પરિણામ સ્વરુપ ડેરીના કાર્યક્ષેત્રમાં એમ્બ્રિયો ટ્રાન્સફરથી ૩૪૭ પશુ ગાભણ થયા જેમાં ૨૩૮ પશુઓનું વિયાણ થયું અને તેમાં ૧૮૮ તંદુરસ્ત પાડીઓનો જન્મ થયો તે વાતને વધાવી લેતાં અશોકભાઈ ચૌધરીએ પશુપાલનના વ્યવસાયના આગામી ભવિષ્ય માટે તેને શુભ સંકેત બતાવ્યો હતો. દૂધ સાથે પશુપાલકોને પૂરક આવક પ્રાપ્ત થાય તે માટે ડેરી

અનેક નવા કાર્યક્ષેત્રોમાં - તબક્કાવાર રીતે - અનેક ભૂમિકાએ નવા ખેડાણ ખેડી રહી છે તેની માહિતી આપતાં તેઓએ સુઝુકી અને NDDB ના સહયોગથી જગુદણ ખાતે સ્થાપિત થનાર ગોબરગેસ પ્લાન્ટ તથા CNG સ્ટેશન અંગે પશુપાલકોને માહિતી આપી હતી. સમયની સાથે કદમ તાલ મિલાવતા ડેરીએ ઓર્ગેનિક પ્લાન્ટ (પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા) ની ખેરાલુ ખાતે શરુઆત કરી છે જેમાં પ્રાકૃતિક રીતે તૈયાર થયેલા શાકભાજી, અનાજ, કઠોળને ખેડૂતો પાસેથી ખરીદી કરીને અમૂલના માધ્યમથી લોકો સુધી પહોંચાડી પશુપાલક ખેડૂતને મદદરુપ થવાની દૂધસાગરની તૈયારીની જાણકારી સાધારણ સભાને આપી હતી. પશુપાલકોના તબેલામાં અથવા વાડામાં રહેલા વધારાના છાણને પણ ડેરી સામે પગલે ખરીદી તેનું મૂલ્ય આપી છાણમાંથી ઇંધણ અને પ્રાકૃતિક ખાતર તૈયાર કરશે તેની રુપરેખા રજુ કરી હતી. આ સાથે ચેરમેનશ્રીએ જગુદણ ખાતે હાઈવે ઉપર દૂધસાગર ડેરી સંચાલિત ફુડપાર્ક સ્થાપવાની અને તેમાં રેડી ટુ ઈટ તથા રેડી ટુ કુક (આલુ પરાઠા, સમોસા, માલાબાર પરાઠા, ટિક્કીઝ) તથા વિવિધ બેકરી પ્રોડક્ટસ અને ડીલીસીયસ પ્રોડક્ટ વેચી આવકના નવા સાધનો ઉભા કરશે.

દૂધસાગર સાથે - વિવિધ ગ્રામીણ દૂધ મંડળીઓ પણ આર્થિક રીતે વધુ સક્ષમ બને અને ગ્રામ્ય સભાસદોને તેનો ફાયદો થાય તે હેતું થી ડેરીના ઈતિહાસમાં પ્રથમ વખત દૂધસાગર - અમૂલ - સહયોગના ત્રિવેણી સંગમ થકી અમૂલ પાર્લરો ખોલવામાં આવી રહ્યા છે. જે આગામી સમયમાં ત્રણ હજારથી વધુ વસ્તી ધરાવતા તમામ ગામોમાં દૂધ મંડળી સંચાલિત અમૂલ પાર્લરો ખોલવામાં આવશે જેના નફાનો સીધો લાભ છેવાડાના પશુપાલકને પહોંચે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે. નજીકના ભવિષ્યમાં આવા ૨૦૦ પાર્લર ઝડપપૂર્વક કાર્યરત થાય તેવો અંગત રસ ચેરમેનશ્રીએ પોતાના વક્તવ્યમાં દાખવ્યો હતો.

ગ્રામ્ય દૂધ મંડળીઓ વધુમાં વધુ સોલાર પેનલને અપનાવે તથા તેમાં મળતી વિવિધ સહાયોનો લાભ લઈ પોતાના પરનો ખર્ચ ઘટાડે તેવી તેઓએ ઉપસ્થિત સભાને અપીલ કરી હતી. દૂધસાગર ડેરીની ગુજરાત રાજ્ય બહારની વિકાસયાત્રા અંગે માહિતી આપતાં અશોકભાઈએ અંબાલા તેમજ હિમાચલ પ્રદેશના હમીરપુર ખાતે



**વાર્ષિક અહેવાલમાં અને સાધારણ સભાના હોલમાં અશોકભાઈનું પશુપાલકોને ખુલ્લુ આમંત્રણ : સાગર - 0.૨ ઈમારત જોતા જજો**

દૂધસાગર ડેરીના સાચા શુભચિંતક અને પશુપાલકો સાથે એક બિનઔપચારિક બેઠકમાં અશોકભાઈ ચૌધરીએ હસતાં હસતાં હળવાશ ભર્યા મૂડમાં એકવાર કહ્યું હતું "અમને માત્ર ડેરીની સત્તામાં રસ હોત તો, અમારા પહેલાં ના જ પાંચ વર્ષમાં આ પાવડર પ્લાન્ટ બનાવવાનું સાહસ ના કરત-પણ અમને ખબર હતી કે અપગ્રેડ કર્યા સિવાય ડેરીનો વિકાસ શક્ય નથી એટલે અનેક ચિંતાઓ અને પડકારો સાથે અમે આ ગણતરી પૂર્વકનું સાહસ કર્યું હતું." અને આજે સાગર 0.૨ નામની ઈમારત ગૌરવભેર ડેરીના નવસર્જનની ગાથા ગાતી ઉભી છે. ત્યારે, દૂધસાગર ડેરીની ૬૬ મી સાધારણ સભામાં ચેરમેનશ્રીએ પોતાના સંદેશમાં તા.૧૫ ઓગષ્ટ ના રોજ ડેરીના મહેમાન બનનાર તમામ પશુપાલકોને આ પ્લાન્ટ જોઈ આવવાનો આગ્રહ કર્યો હતો. ડેરીની સાધારણ સભા સમયે પોતાના પ્રવચનમાં પણ આ વાતનો ઉલ્લેખ કરી અશોકભાઈએ નૂતન પાવડર પ્લાન્ટ, U H T પ્લાન્ટ, વિશાળ ગોડાઉન, અધતન મશીનરી, સુરક્ષાની સગવડો અને ભવિષ્યના આયોજન માટે આગોતરુ આયોજન જોઈ આવવાની સૌને અપીલ કરી અને એક અર્થમાં શબ્દ નહીં પણ પોતાના કામનું સાચુ મૂલ્યાંકન થાય તેવો આગ્રહ કર્યો હતો.

**અમે ઈચ્છીએ છીએ કે અમારા શબ્દોથી માર્કસ ના મળે, પરંતુ અમારા કાર્યોથી અમારું સાચું મૂલ્યાંકન થાય**



પ્રથમવાર શરુ કરવામાં આવેલા થર્ડ પાર્ટી પેકિંગ પ્લાન્ટ અંગે માહિતી આપતાં આગામી સમયમાં મધ્યપ્રદેશના ગ્વાલિયરની બાજુમાં પેકિંગ પ્લાન્ટ ચાલુ કરવા અંગે ડેરીની તૈયારીની શ્રોતાઓને જાણકારી આપી હતી. આ સાથે તેઓએ મહેસાણા સહિત માનેસર અને ધારુહેડા ખાતે શરુ કરવામાં આવેલા વિવિધ ઉત્પાદનો વિશે જણાવતાં કહ્યું કે આ વર્ષ દરમ્યાન બોક્કોન્ચીની ચીઝ, ગ્રીક યોગર્ટ, કાજુ કતરી, ફ્રેશ ક્રીમ, ડોયપેક SCM, ગીર ગાયનું દૂધ બોટલમાં, લાઈટ દહીં તથા નજીકના ભવિષ્યમાં સાગર બ્રાન્ડની ચા વગેરે ઉત્પાદનો બજારમાં વેચાણ અર્થે મુકાશે હોવાની સાથે આ સાહસને મળી રહેલ સફળતાની ખુશી વ્યક્ત કરી હતી. દિલ્હી સરકાર ની મદદથી દિલ્હીમાં અનેક જગ્યાએ દૂધસાગર ડેરી સંચાલિત અમૂલ પાર્લરો ને મળી રહેલા ગ્રાહકોના ભરપૂર પ્રતિસાદને તેઓએ સાધારણ સભામાં આવકાર્યો હતો.

મહેસાણા દૂધ સંઘ દ્વારા વિતેલા પાંચ વર્ષમાં આપણા મૂળભૂત ઉત્પાદનો એવા દૂધના પાઉચમાં થયેલ ૪૮% નો વધારો, છાશ વેચાણમાં થયેલ ૯૦% નો વધારો, દહીંના વેચાણમાં આવેલ ૧૨૭% નો ઉછાળો તથા UHT મિલ્કના વેચાણમાં રોકેટ ગતિએ થયેલ ૧૭૮% ના વધારાને સમગ્ર ડેરી તંત્રની સફળતાના ભાગરુપે સ્વિકાર્યો હતો.

શ્રી અશોકભાઈ ચૌધરીએ આ ૭૭ મી સાધારણ સભામાં પશુપાલકો માટેની દૂધસંઘની લાગણી હંમેશા કૂણી, ભીંજાયેલી અને પશુપાલકો તરફ ઢળતી રહેશે તેવો ભાવ દર્શાવતા દૂધ ઉત્પાદકના જીવન રક્ષણની જવાબદારી વધુમાં વધુ ઉપાડી લેવાની સંસ્થાની વૃત્તિને દર્શાવતાં જણાવ્યું કે ; અગાઉ દૂધ ઉત્પાદકોને જીવન વીમાની જે ૩૫૦૦૦ ની રકમ મળતી હતી તેને ૧ લાખ રુપિયા કરવાથી અને અકસ્માત વીમાની રાશીને ૧ લાખથી વધારી ૪ લાખ અને પશુપાલકોના જોખમની ઉંમરને ૫૯ વર્ષથી ૬૫ વર્ષ સુધી લઈ જવાથી આપણા પશુપાલકોના દુ:ખના સમયે ૪૩ કરોડ રુપિયા વધારે ચૂકવીને ડેરી એક સાચા સ્વજનની જેમ પશુપાલકોના પરિવાર સાથે અડીખમ ઉભી રહી છે. પશુ સારવાર વિઝીટમાં છેલ્લા ચાર વર્ષથી ૧૦૦ રુપિયા ઓછા કરી એક સમાન વિઝીટ ફી રાખવાને કારણે છેલ્લા પાંચ વર્ષમાં દૂધ ઉત્પાદકોને ૧૭ કરોડનો ફાયદો થયો તેનો સંતોષ વ્યક્ત કર્યો હતો. દૂધસાગર ડેરી સંચાલિત દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોશિએશન (દૂરડા) દ્વારા પણ છેલ્લા પાંચ વર્ષમાં મંડળીઓને ૧૫ કરોડથી વધુની સહાયનો લાભ આપવામાં આવ્યો છે તે અંગે સાધારણ સભાને સમારંભના અધ્યક્ષે જાણકારી આપી હતી. ઉપસ્થિત મહામહિમ સાધારણસભા સમક્ષ ગુજરાત સરકાર અને ભારતસરકારનો આભાર માનતાં અશોકભાઈ ચૌધરીએ

વિતેલા પાંચ વર્ષમાં ભારતની શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર અને ગુજરાતની ભુપેન્દ્રભાઈ પટેલ સરકાર દ્વારા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને જે હૂંફ અને સહકાર મળ્યો છે તેની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં સંસ્થાને મળેલ વિવિધ પાંચ વર્ષની સહાયો અંગે ઉલ્લેખ કર્યો હતો. મહેસાણા દૂધસાગર ડેરીને વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત વિતેલા પાંચ વર્ષમાં ૧૭૫.૮૬ કરોડ રુપિયાની કુલ સહાય મળી છે તે સંસ્થાના અર્થતંત્રને પ્રાણવાયુ પુરુ પાડનાર પ્રોત્સાહન માની ભારત સરકારના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ અને સહકારમંત્રીશ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ પ્રમુખશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સહકાર મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને GCMMF ના MD જયેનભાઈ મહેતા તથા અધિકારીઓ અને રાજ્ય રજીસ્ટ્રાર શ્રી ગાંધીનગર, જીલ્લા રજીસ્ટ્રાર શ્રી મહેસાણા તથા સહકાર અને પશુપાલન વિભાગના તમામ અધિકારીઓનો આભાર વ્યક્ત કરી સરકાર અને સહકાર ક્ષેત્ર એક જ ધ્યેયથી ગામડાના ખેડૂતો અને પશુપાલકોનું જીવન નવી ઉંચાઈએ લઈ જાય તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

## છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા દૂધસંઘને મળેલી કુલ સરકારી સહાયોની યાદી

| | |
|---|---|
| ડેરીના માલ સ્ટોક ઉપર કુલ વ્યાજ સહાય | ૭૯.03 કરોડ |
| મિલ્કત માટે લાંબાગાળાની લોનના વ્યાજમાં AHIDF માંથી કુલ વ્યાજ સહાય | ૨૦.૮3 કરોડ |
| બલ્ક કૂલર ખરીદીમાં સરકારી સહાય | ૧૮.૭૧ કરોડ |
| ખાણદાણમાં સરકારી સહાય | ૧૪.૪૯ કરોડ |
| જગુદણ સીમેન સ્ટેશન પર સરકારની સહાય | ૧૨.૫૦ કરોડ |
| એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરી અંગેની સહાય | ૮.૬૧ કરોડ |
| NCDC માંથી મળેલ સહાય | ૮.૫૬ કરોડ |
| AMCS માંથી ઉપલબ્ધ બનેલ સહાય | ૪.૯૧ કરોડ |
| દૂધઘર અને ગોડાઉનમાં પ્રાપ્ત થયેલ સહાય | 3.૬૨ કરોડ |
| દૂધ ભેળસેળ ચકાસણી મશીન ખરીદીમાં પ્રાપ્ત થયેલ સહાય | 3.૪૫ કરોડ |
| ગોબરધન યોજના અંતર્ગત રાજ્ય સરકારની સહાય | ૬૨.૫૦ લાખ |
| મધમાખી તેમજ GPB/CBBO અંગે ની સહાય | ૫૦ લાખ |
| HRC પાડી - વાછરડી ઉછેર કેન્દ્ર માટે ઉપલબ્ધ થયેલી સહાય | ૨.30 લાખ |

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

૬૬ મી સાધારણ સભાના સિતારા

## જ્યાં જ્યાં દૂધમંડળી - ત્યાં ત્યાં અમૂલ પાર્લર

## સાગરના સાથી | પ્રતિદિવસ શ્રેષ્ઠ વેપાર કરનાર અમૂલ પાર્લર



| વિજેતા ક્રમાંક | મંડળીનું નામ | અમૂલ પાર્લરના કર્મચારીશ્રી | સરેરાશ દૈનિક વેપાર |
|---|---|---|---|
| પ્રથમ | શ્રી બેચર દૂધ ઉ.સ.મં.લિ.(૧૦૬૭) | ઠાકોર વિષ્ણુજી બબાજી | ૨૦૮૭૦/- |
| બીજું | શ્રી મેડા આદરજ દૂધમંડળી(૮૩૭) | પ્રજાપતિ રમેશ જોઈતાભાઈ | ૧૪૬૨૪/- |
| ત્રીજું | શ્રી ધીણોજ દૂધ મંડળી (૬૮૯) | ચૌધરી જયદિપ સગરામભાઈ | ૧૪૫૨૧/- |

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

66 મી સાધારણ સભાના સિતારા

# એક સંસ્થા જ્યાં હવે, પરસેવાનું સન્માન થાય છે !

## સાગર રત્ન | દૂધસાગરના શ્રેષ્ઠ સન્માનિત દૂધ ઉત્પાદકો



1
પટેલ યોગેશભાઇ શંકરભાઇ
ઉપેરા
(વિસનગર)
દૂધ લીટર : ૨,૯૦,૫૨૪
કુલ રકમ : ૧,૨૪,૦૬,૦૫૫



2
પટેલ જિગ્નેશભાઇ વિષ્ણુભાઇ
મુબારકપુરા
(કલોલ)
દૂધ લીટર : ૩,૦૪,૭૮૧
કુલ રકમ : ૧,૨૦,૫૪,૧૮૭



3
ચૌધરી પરથીભાઇ ચેલાભાઇ
ઉમરી
(ખેરાલુ)
દૂધ લીટર : ૨,૧૧,૬૭૩
કુલ રકમ : ૯૫,૧૭,૩૫૫



4
દેસાઇ મંજુલાબેન અશોકભાઇ
ખેરાલુ ભાગ
(ખેરાલુ)
દૂધ લીટર : ૨,૦૧,૯૪૫
કુલ રકમ : ૮૮,૭૬,૫૩૪



5
દેસાઇ રેખાબેન બળદેવભાઇ
ગુંજા
(વિસનગર)
દૂધ લીટર : ૧,૫૧,૧૫૮
કુલ રકમ : ૮૦,૪૨,૨૯૧



6
દેસાઇ સેજલબેન કલ્પેશભાઇ
ઈટોદા
(ચાણસ્મા)
દૂધ લીટર : ૧,૩૪,૨૧૨
કુલ રકમ : ૭૭,૬૧,૪૦૦



7
ચૌધરી નયનાબેન પ્રકાશભાઇ
ફતેપુરા
(ખેરાલુ)
દૂધ લીટર : ૧,૭૭,૭૬૪
કુલ રકમ : ૭૬,૮૮,૨૭૭



8
ચૌધરી હરેશકુમાર ગોવિંદભાઇ
મિયાસણા
(ખેરાલુ)
દૂધ લીટર : ૧,૫૦,૫૧૪
કુલ રકમ : ૭૬,૦૫,૧૧૮



9
પટેલ શિલ્પાબેન જયેશભાઇ
મોહનપુરા-સંખારી
(પાટણ)
દૂધ લીટર : ૧,૫૦,૭૧૪
કુલ રકમ : ૭૩,૮૮,૪૯૧



10
ચૌધરી ઈજુબેન વિપુલભાઇ
મોટીભાલુ પરા
(ખેરાલુ)
દૂધ લીટર : ૧,૭૭,૪૧૫
કુલ રકમ : ૭૩,૨૩,૮૨૪

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

66 મી સાધારણ સભાના સિતારા

# માત્ર સાગર નહીં, સ્થાનિક ગ્રામ્ય દૂધમંડળીને પણ સક્ષમ બનાવવાનો પ્રયાસ

## સાગર શ્રેષ્ઠ | દૂધસાગરની શ્રેષ્ઠ સન્માનિત દૂધ મંડળીઓ



1
મોટા નાયતા
દૂધ મંડળી
CODE - 449
પાટણ - બ્લોક
વજન કીલો : ૬૩,૯૩,૨૧૪
કુલ રકમ : ૨૭,૩૫,૫૮,૩૮૪



2
ખેરાલુ ભાગ
દૂધ મંડળી
CODE - 431
ખેરાલુ - બ્લોક
વજન કીલો : ૬૧,૯૯,૫૭૫
કુલ રકમ : ૨૬,૩૮,૭૩,૩૮૫



3
વાયડ
દૂધ મંડળી
CODE - 425
પાટણ બ્લોક
વજન કીલો : ૫૭,૪૩,૧૯૮
કુલ રકમ : ૨૫,૯૨,૪૮,૭૨૮



4
ચરાડા
દૂધ મંડળી
CODE - 68
માણસા - બ્લોક
વજન કીલો : ૫૨,૯૫,૨૮૧
કુલ રકમ : ૨૧,૮૧,૪૩,૦૫૧



5
ઉમરી
દૂધ મંડળી
CODE - 365
ખેરાલુ - બ્લોક
વજન કીલો : ૪૯,૦૪,૧૫૯
કુલ રકમ : ૨૦,૬૦,૦૧,૦૭૪



6
પામોલ
દૂધ મંડળી
CODE - 160
માણસા - બ્લોક
વજન કીલો : ૪૭,૪૮,૪૨૬
કુલ રકમ : ૧૯,૪૫,૩૨,૨૬૧



7
સોલૈયા
દૂધ મંડળી
CODE - 56
માણસા - બ્લોક
વજન કીલો : ૪૬,૧૫,૬૨૨
કુલ રકમ : ૧૮,૯૯,૫૧,૭૩૩



8
મેઉ
દૂધ મંડળી
CODE - 895
મહેસાણા બ્લોક
વજન કીલો : ૪૪,૪૮,૯૬૦
કુલ રકમ : ૧૮,૯૬,૨૩,૭૫૮



9
બાપુપુરા
દૂધ મંડળી
CODE - 57
માણસા - બ્લોક
વજન કીલો : ૪૨,૪૩,૬૯૪
કુલ રકમ : ૧૭,૯૮,૯૭,૭૨૮



10
એંદલા
દૂધ મંડળી
CODE - 579
પાટણ - બ્લોક
વજન કીલો : ૩૯,૯૭,૮૫૧
કુલ રકમ : ૧૭,૪૩,૬૩,૧૯૯

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

૬૬ મી સાધારણ સભાના સિતારા

विरासतस्य संरक्षणं भविष्यस्य च पोषणम् ।
गोधनेन समृद्धिः स्यात् सागरस्य च रक्षणम् ॥

## પશુધન સંપત્તિ | દૂધસાગરનું શ્રેષ્ઠ સન્માનિત પશુધન

| પ્રથમ નંબર | મહેસાણી ભેંસ | પશુપાલકનું નામ : શ્રીમતી પટેલ આશાબેન કમલેશભાઈ | શ્રી સદુથલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. |
|---|---|---|---|





દૂધ પ્રતિદિવસ : ૨૮.૯૨ લિટર

| પ્રથમ નંબર | દેશી ગાય | પશુપાલકનું નામ : શ્રીમતી ચૌધરી રમીલાબેન ડાહ્યાભાઈ | શ્રી ખતોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. |
|---|---|---|---|





દૂધ પ્રતિદિવસ : ૨૮.૯૬ લિટર

| પ્રથમ નંબર | શંકર ગાય | પશુપાલકનું નામ : શ્રીમતી ચૌધરી બબીબેન દિનેશભાઈ | શ્રી મામવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. |
|---|---|---|---|





દૂધ પ્રતિદિવસ : ૫૨.૫૭ લિટર

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

૬૬ મી સાધારણ સભાના સિતારા

## મહેસાણા દૂધસંઘના પાંચ શ્રેષ્ઠ બીજદાન કર્મચારીઓનું સન્માન



| વિજેતા ક્રમાંક | બીજદાન કર્મચારીનું નામ | સ્થાનિક દૂધમંડળી |
|---|---|---|
| પ્રથમ | શ્રી હડિયોલ દીપકસિંહ ભાથુજી | શ્રી ચાણસોલ દૂધ મંડળી |
| દ્વિતીય | શ્રી ચૌધરી જયેશભાઈ નેનજીભાઈ | શ્રી સમી દૂધ મંડળી |
| તૃતીય | શ્રી બારોટ ચંદ્રકાન્ત મનુજી | શ્રી ડભાડ દૂધ મંડળી |
| ચતુર્થ | શ્રી ચૌધરી હિતેશભાઈ જીવાભાઈ | શ્રી સોલૈયા દૂધ મંડળી |
| પંચમ | શ્રી ચૌધરી મહેશભાઈ વીરજીભાઈ | શ્રી ભાલુસણા દૂધ મંડળી |

## અમૂલ મંથન



# सहस्रमहिलाजीवनदायिन्याः अमूलस्य कार्यं यज्ञसमम् ।

## ચંડીગઢ ખાતે અમૂલ મનોમંથન

### હરીયાણાના મુખ્યમંત્રીશ્રી નાયબસિંહ સૈની સાથે અશોકભાઈનો આત્મીય સંવાદ





GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ ગત તા.૧૩ ઓગષ્ટના રોજ ચંડીગઢ ખાતે અમૂલ ફેડરેશન ની ઝોનલ ઓફિસની મુલાકાત કરી વર્તમાન સમયની અમૂલ સમીક્ષાઓ કરી હતી. આ સાથે તેઓએ હરિયાણાના માન.મુખ્યમંત્રી શ્રી નાયબસિંહ સૈની સાથે અમૂલથી જોડાયેલી પશુપાલન અને દૂધ અંગેની મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા કરી હતી.

## NCDC (ન્યૂ દિલ્હી)ના ડાયરેક્ટરશ્રી દૂધસાગરના મહેમાન બન્યા

### અશોકભાઈ ચૌધરીના સાનિધ્યમાં સાગર પરિવારે મહેમાનોને સત્કાર્યા



NCDC (ન્યૂ દિલ્હી) ના ડાયરેક્ટર શ્રી અમિતભાઈ મિશ્રા, શ્રી કૈલાશકુમાર કૌશિક તથા ગાંધીનગર પ્રાદેશિક કચેરીના ઉપ નિયામક શ્રી તરુણભાઈ સોલંકી તા.૬ ઓગષ્ટ ના રોજ મહેસાણા દૂધસાગર ડેરીના મહેમાન બન્યા ત્યારે સંસ્થાના વડા તદઉપરાંત NCDC ના ડિરેક્ટરશ્રી અશોકભાઈએ સ્વાગત કરી સૌ સાથે સહકારી ડેરી સશક્તિકરણ અંગે રચનાત્મક ચર્ચા કરી હતી.

## ભૂટાન ફૂટબોલ ફેડરેશન ના પ્રમુખ શ્રી ઉગેન દોરજીની અમૂલ ફેડરેશનના ચેરમેનશ્રી અશોકભાઈ સાથે મુલાકાત



અમૂલ ફેડ ડેરી (ગાંધીનગર) ખાતે મેનેજમેન્ટ કમિટીની મહત્વપૂર્ણ બેઠક બાદ ભૂટાનથી - ભારતની મૂલાકાતે આવેલા ભૂટાન ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ અને સાર્ક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SAARC-CCI) ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ઉગેન દોરજી તથા તેમના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધી મંડળ સાથે અશોકભાઈ ચૌધરીની સૌહાર્દ પૂર્ણ મુલાકાત દરમ્યાન ડેરી મોડેલ અને પરસ્પર સહયોગ અંગે સંવાદ થયો હતો.

## નવા રુપ-રંગ-આકાર સાથે ખેરાલુની ખમીરવંતી ધરા ઉપર નવી સુખ-સુવિધા-સગવડો સાથે આપણી સહયોગ ઉપલબ્ધ

### દૂધસાગરના ચેરમેનશ્રીના વરદહસ્તે મંગલમય પ્રારંભ





રક્ષાબંધનના પાવન તહેવારના બીજા દિવસે શ્રાવણના મંગલમય દિવસોમાં ખેરાલુના ગ્રાહકો માટે એક જ સ્થળે બધી સગવડો ઉપલબ્ધ થાય તેવા નવા આકાર સાથે એક અત્યાધુનિક આઉટલેટ સાથે સહયોગ સૂસજ્જ બનવા પામી છે. દિપાવલી પહેલાંની આ ભેટનો શુભારંભ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના વરદ હસ્તે સંપન્ન થયો જેમાં ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય શ્રી અજમલજી ઠાકોર, નિયામક મંડળના સભ્ય શ્રી એન.ડી ચૌધરી, શ્રી બનેસિંહ પરમાર, શ્રી ડો.ચિંતનભાઈ ચૌધરી, સહયોગના ચેરમેનશ્રી તથા કર્મચારીઓ, દૂરડાના ડિરેક્ટરશ્રીઓ સાથે ડેરીના કર્મચારીઓ અને વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

पद्धति परिवर्तन्ते, उत्कृष्टं कर्म तु शाश्वतं प्रतिध्वनति ।

# અને MD સાહેબ ભાવુક થયા

## દૂધસાગરનો આ વર્ષોનો ઈતિહાસ લખાશે ત્યારે ધીરજકુમારનું નામ ગૌરવથી લેવાશે : અશોકભાઈ ચૌધરી

દૂધસાગર ડેરી બુદ્ધિ કરતાં વધુ લાગણીથી ચાલતી સંસ્થા હોય તે ફરીથી પૂરવાર થતું હોય તેમ વિતેલા છ વર્ષથી ઈન્ચાર્જ એમ.ડી તરીકે એક સાચા અધિકારીને શોભે તેવી સંપૂર્ણ આચારસંહિતા સાથે આ સંઘની સેવા કરી - સંસ્થાને વર્ષ ૨૦૨૦-૨૧ ની વિપરીત પરિસ્થિતીઓમાં નવનિયુક્ત ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ સાથે મૂલ્યો આધારિત તાલમેલ ઉભો કરી આપણી સંસ્થાને વર્ષ ૨૦૨૫-૨૬ ના સુવર્ણ સમયમાં લઈ આવી તેને ઈતિહાસના સૌથી મોટા ગરિમાવાન સ્થાને પહોંચાડનાર ધીરજકુમાર ચૌધરી ફરી અમૂલની ફરજ તરફ પ્રયાણ કરી રહ્યા હોઈ સંસ્થા તરફથી સાધારણ સભામાં તેમને ગૌરવપૂર્ણ રીતે આવજો કહેવાની ઉત્તમ પ્રણાલિકા નિભાવવામાં આવી ત્યારે અશોકભાઈએ પોતાના પ્રવચનમાં ધીરજકુમાર નો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આ છ વર્ષોમાં ડેરીની પ્રગતિમાં તેમનો સિંહફાળો છે. નવા પ્લાન્ટ અને ઉત્પાદનો, ભરપૂર દૂધ સંપાદન, સર્વશ્રેષ્ઠ ટર્નઓવર તથા પશુપાલકોને મળતા સારા દૂધના ભાવ અને ભાવફેર તથા નવી નવી પારદર્શી વહિવટીય પ્રણાલિકાઓ ઉભી કરવામાં ધીરજકુમારનું માર્ગદર્શન અને ભૂમિકા મહત્વની રહી હોઈ જ્યારે પણ દૂધસાગર ડેરીનો વિતેલા છ વર્ષનો ઈતિહાસ લખાશે ત્યારે તેમનું નામ ગૌરવ સાથે લેવાશે. શબ્દ બ્રહ્મ છે તેની સાબિતી મળતી હોય તેમ પોતાના ધર્મપત્ની શ્રીમતિ અરુણાબેન ચૌધરી સાથે મંચ ઉપર બેઠેલા એમ.ડી સાહેબની આંખોમાં પણ આ મહાન સંસ્થા દૂધસાગર ડેરી છોડવાનું દર્દ સ્પષ્ટ દેખાઈ આવ્યું હતું.!!




મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.

આસ્થા ડિજીટલ, મહેસાણા